Received on : 09-07-2026
Registered on : 09-07-2026
Decided on : 18-07-2026
Duration : Y M D
- - 09

## જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ.
## <u>ફોજદારી પરચુ.અરજી નં. ૫૫૧/૨૦૨૬.</u>

<u>આંક–</u>

**<u>અરજદાર</u>.** ભાવેશ બાવકુભાઈ મકવાણા,
ઉ.વ.૩૭, ધંધો–મજુરી,
રહે. દાનવ નગર, રાવતપરા,
બિલખા, જી. જૂનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.
**ગુન્હો :–** પ્રોહીબીશન એટકની કલમ– ૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨) મુજબ.
**સંદર્ભ :–** બીલખા પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૦૮૨૬૦૦૭૯/૨૬.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી ડી.સી.પાઠક.
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.એડી.પી.પી.શ્રી ડી. સી. ઠાકર.

---

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ બીલખા પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૦૮૨૬૦૦૭૯/૨૬, પ્રોહીબીશન એટકની કલમ– ૬૫(એ)(ઈ),

૮૧, ૯૮(૨) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. મદદનીશ સરકારી વકીલશ્રી ડી. સી. ઠાકરનાઓ હાજર થયેલ છે અને આંક–૭ થી તપાસ કરનાર અધિકારીશ્રી ડી. એલ. લાડવા, પો. હેડ કોન્સ્ટેબલ બીલખા પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રી ડી. સી. પાઠક નાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, બીલખા પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૦૮૨૬૦૦૭૯/૨૬ થી ગુન્હાની ફરીયાદ આપવામાં આવેલી છે. આ કામેના અરજદાર/આરોપીની તા. ૭–૭–૨૬ ના રોજ અટક કરવામાં આવેલી છે ત્યારબાદથી જયુડીશ્યલ કસ્ટડીમાં રહેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામેનો હાલનો ગુન્હો ઘ્યાને લેતા મેજીસ્ટ્રેટ ટ્રાયેલબ ગુન્હો છે. અરજદાર/આરોપી બિલખા ગામના રહેવાસી છે, નાસી–ભાગી જાય તેમ નથી જેથી અરજીની હકીકતો ઘ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ. એડી. પી. પી. શ્રી ડી. સી. ઠાકરનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામેના અરજદાર/આરોપીનુ એફ.આઈ.આર.માં પ્રથમથી જ નામ રહેલુ છે. વધુમાં ટ્રાયલ કોર્ટ ઘ્વારા હાલના કામેના અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરેલી છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ભાવેશના ઘરે

પ્રોહીબીશનના મુદ્દામાલનો જથ્થો ઉતરતો હતો ત્યારે રેઈડ થતા આરોપી પકડાઈ ગયેલ છે. હાલના કામેના અરજદાર/આરોપી ભાવેશ પ્રોહીબશનના જથ્થો હોવાનુ જાણવા છતાં પોતાના ઘરમાં સંતાડવા પરવાનગી આપેલી છે. વધુમાં જે ઘર હાલના અરજદાર/આરોપી ભાવેશના પિતાના નામે છે અને તેનુ લાઈટ બીલ પણ કબજે કરવામાં આવેલ છે. વધુમાં હાલ આ ગુન્હાની તપાસ ચાલુ છે. આમ, હાલના અરજદાર/આરોપીની ગુન્હામાં મહત્વની ભુમિકા રહેલી છે જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારીશ્રી ડી. એલ. લાડવા, પો. હેડ કોન્સ્ટેબલ, બીલખા પોલીસ સ્ટેશનનાઓને આંક-૭ નુ સોગંદનામું ધ્યાને લીધુ તથા રેકર્ડ ધ્યાને લીધુ. આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો બનાવ વખતે આરોપી નં.-૪ રાહુલ સન. ઓ. ગભરૂભાઈ મેરામણભાઈ વાળાએ બહારના રાજયમાંથી દારૂનો જથ્થો મંગાવી આરોપી નં.- ૧ ભાવેશ સન.ઓ. બાવકુભાઈ હકાભાઈ મકવાણાના મકાનમાં ઉતારતા આરોપી નં .-૩ રમેશ ઉર્ફે પ્રદિપ સન.ઓ. શંકરરામ માનારામ બિશ્નોઈનાએ દારૂનો જથ્થો ક્રેટા ગાડી રજી. નં. જીજે-૧૮-બીએમ. ૯૫૯૨માં હાજર ન મળી આવેલ આરોપી નં.-૫ કૈલાશ ઉર્ફે બડા જાટે ભરાવી આપી તથા આરોપી નં.-૨ સંજય સન.ઓ. ખોડાભાઈ મોહનભાઈ બેલરીયાને ઈંગ્લીશ દારૂની હેરાફેરી/ઉતારવામાં મદદગારી કરી રેઈડ દરમ્યાન ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નં. ર૭૮ર, કિંમત રૂા. ૪,૮૯,૮૦૪/- તથા ફોરવ્હીલ તથા મોબાઈલ સાથે આરોપી નં.-૧ થી ૪ નાઓ પકડાઈ જઈ તથા આરોપી નં.-૫ હાજર ન મળી આગી ગુન્હામાં એકબીજાની મદદગારી કરેલ છે.

આમ, હાલના કામેના અરજદાર/આરોપી રેઈડ દરમ્યાન સ્થળ ઉપરથી મળી આવેલ છે તેમજ હાલના કામેના અરજદાર/આરોપીનુ પ્રથમથી જ

એફ.આઈ.આર.માં નામ રહેલ છે. વધુમાં ગુજરાત રાજયમાં દારૂ પ્રતિબંધીત હોવા છતાં મોટા પ્રમાણમાં પ્રતિબંધીત દારૂનો જથ્થો ઘુસાડવામાં આવેલ છે અને રેઈડ દરમ્યાન પકડાઈ ગયેલ છે. વધુમાં ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં મોટા પ્રમાણમાં દારૂ ઘુસાડવાનુ ષડયંત્રના ભાગરૂપે આવા પ્રકારનુ કૃત્ય કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો ધ્યાને લેતા સમાજ વિરોધી ગુન્હો રહેલો છે તેમજ આટલા મોટો પ્રમાણમાં દારૂનો જથ્થો ગેરકાયદેસર રીતે ઘુસાડવામાં સફળ થાય તો આવા ગેરકાયદેસર દારૂના સેવાનના કારણે ઘણાં બધા લોકોના જીવન ઉપર, કુટુંબ ઉપર વિપરીત અસર થાય. વધુમાં હાલના કામેના ગુન્હાની તપાસ ચાલુ છે, હાલના કામેના અરજદાર/આરોપીની ગુન્હામાં મુખ્ય ભુમિકા રહેલી છે, વધુમાં આ કામેના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશેતો આવા પ્રકારની મનોવૃતિ ધરાવતા વ્યકિતઓને પ્રોત્સાહન મળી શકે તેમ છે. આમ, તમામ હકીકત ધ્યાને લેતા ઉપરોકત ચર્ચાના અંતે અરજદાર /આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

હાલના અરજદાર/આરોપી ભાવેશ બાવકુભાઈ મકવાણા, રહે. દાનવ નગર, રાવતપરા, બિલખા, જી. જૂનાગઢવાળાની બીલખા પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૦૮૨૬૦૦૭૯/૨૬, પ્રોહીબીશન એટકની કલમ- ૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨) મુજબના ગુન્હાના કામેની હાલની રેગ્યુલર જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૮ મી, માહે-જુલાઈ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,

તા.૧૮–૦૭–૨૦૨૬ જુનાગઢ

(કોડ નં.જીજે.૦૦૯૬૫)